## પ્રાંતિજ વાઘપુર પ્રાથમિક શાળાનું ગૌરવ




**કુકિંગ સ્પર્ધામાં તાલુકામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ૫૦૦૦નુ ઇનામ મેળવ્યુ**

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ એક્સપિરિમેન્ટ હાઈસ્કુલ ખાતે તાલુકા કક્ષા ની કુકિંગ સ્પર્ધા યોજાઈ હતી જેમા વાઘપુર પ્રાથમિક શાળા એ પ્રથમ નંબર મેળવ્યો પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ પી.એમ.પોષણ યોજના અંતર્ગત તાલુકા કક્ષાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાન ભોજન સંચાલક, કુક-કમ હેલ્પર,હેલ્પર કુકિંગ સ્પર્ધાનું પ્રાંતિજ તાલુકાની સ્પર્ધાનું આયોજ એક્સપિરિમેન્ટ શાળા ખાતે યોજાયું જેમાં તાલુકાની બાર શાળાઓના એમ. ડી. એમ.સંચાલકો ભાગ લીધો હતો જેમાં વાઘપુર પ્રાથમિક એ પ્રથમ નંબર મેળવી ૫૦૦૦ નુ રોકડ રકમ મેળવી શાળા અને ગામનુ નામ રોશન કર્યુ હતુ તો દ્વિતીય નંબર તાજપુર પ્રાથમિક શાળા નો આવ્યો હતો અને ૩૦૦૦ નુ રોકડ ઈનામ મેળવ્યુ હતુ તો તૃતીય નંબર પલ્લાચર પ્રાથમિક શાળા નો આવ્યો હતો અને ૨૦૦૦નુ રોકડ ઈનામ મેળવ્યુ હતુ.

## શ્રી જલારામ બાપા ચેરીટેબલ ટ્રસ્ટે જરૂરિયાતમંદ દર્દીઓ માટે અન્નપૂર્ણા ટ્રસ્ટને મેડિકલ પલંગનું દાન આપ્યું




મોડાસા શહેર સહીત જીલ્લામાં સેવાકીય કાર્યોમાં અગ્રેસર અને ભુખ્યાને ભોજન આપતી અન્નપૂર્ણા ટ્રસ્ટ જરૂરિયાતમંદ અને બીમાર દર્દીઓને ટોકન ભાવે વિવિધ આરોગ્યલક્ષી સાધનો પુરા પાડી ઉમદા કાર્ય કરી રહ્યું છે મોડાસા શહેરના શ્રી જલારામ બાપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અન્નપૂર્ણા ટ્રસ્ટને ૧૫ હજારથી વધુની કિંમતનો મેડિકલ પલંગ આપી સરાહનીય કાર્ય કર્યું હતું મોડાસા શહેરમાં શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નરેશભાઈ પારેખ, વિઠ્ઠલભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ પટેલ, મુકેશભાઈ, વિનોદચંદ્ર સોની, ધનિશભાઈ પારેખ, રાજુ દરજી અને ટ્રસ્ટ શહેર અને જિલ્લામાં સેવાકીય કાર્યો કરી જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ બની રહ્યા છે

## પાનખરમાં વૃક્ષ પરથી ખરતા પાંદડા જાણે રસ્તાનો શણગાર કરે છે..!

**બોગનવેલના ફૂલો સતત ખરતા માર્ગની શોભા વધી ગઈ...**



હાલમાં ચાલી રહેલી પાનખરની ઋતુમાં વૃક્ષ પરથી ખરતા પાંદડાઓથી જાણે પાલનપુર શહેરના માર્ગોએ શણગાર ધારણ કર્યો હોય એમ નવપલ્લવિત બન્યા છે. એમાંય ખાસ કરીને રસ્તા અને રહેણાંક વિસ્તારોની શોભા વધારતી બોગનવેલ શહેરના જે માર્ગો પર લહેરાઈ રહી છે તેના સતત ખરતા ફૂલો જુદા જુદા માર્ગની શોભા વધારી રહ્યા છે.

## મેઘરજના મોટીપંડુલી ગામના ઈસમ પાસેથી પોલીસે રૂપિયા પડાવી માર માર્યો?

**શારીરિક અને માનસિક ત્રાસ આપનાર પોલીસ સામે કાર્યવાહી કરવા માંગ**

મેઘરજ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં કાયદા ની એસી કી તેસી કરી અજાણ પ્રજાને લૂંટવાનો ખેલ મન મૂકીને ખેલાઈ રહ્યો છે. કાયદાની બીક બતાવી ગરીબ અને ભોળી પ્રજા પાસેથી પૈસા ખંખેરી મન ફાવે તેમ શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. ધુળેટીના દિવસે મોટીપંડુલી વિસ્તારમાં ઈસરી પોલીસ દ્વારા રેડ કરવામાં આવી હતી અને ત્યાંથી ૨૦ બોટલ દારૂ સહીત એક ઈસમની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસ દ્વારા ધરપકડ કરેલા ઈસમ પાસે મોટી રકમની માંગણી કરાઈ હતી પરંતુ આ ઈસમ એટલી મોટી રકમ આપવા માટે સક્ષમ ના હોવાથી માર મારી લોકઅપમાં પુરી દેવાની ધમકી આપતાં થાકી ગયેલા ઈસમે ઘરેથી ૧૦,૦૦૦ રૂપિયા મંગાવી એક પોલીસ કર્મીને બાથરૂમમાં જઈ આપવામાં આવ્યા હતા.તેમ છતાંય તેની સામે ફરિયાદ નોંધી મળેલી ૨૦ બોટલ માંથી ૧૨ બોટલ ગાયબ કરી માત્ર ૮ બોટલ નો કેશ કરવામાં આવ્યો હોવાનો સનસની ખેજ આક્ષેપ આ ઈસમ દ્વારા કરવામાં આવ્યો હતો.વધુમાં આ ઈસમે જણાવ્યું હતું કે રેડ કરવા આવનાર પોલીસમાંથી કેટલાક પોલીસ કર્મી નશાની હાલતમાં હતા.અને ઈસરી તરફ જતા દરમિયાન રસ્તામાં પોલીસવાનમાંથી દારૂની બોટલ લઈ ૩ પોલીસ કર્મી ઈંટવા નજીક ઉતરી ગયા હતા.આ ઈસમ દ્વારા ઈસરી પોલીસ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા માટે ની તૈયારી આરંભી હતી.મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગામડાઓ જાણે કે કોઈ પૂછનાર જ ના હોય તેમ પ્રજાને મારી ધમકાવી લૂંટવાના ખેલ ખેલાઈ રહ્યા છે ત્યારે અરવલ્લી એસ. પી. દ્વારા ગુપ્ત રાહે તપાસ કરાવી પ્રજા સાથે ખેલ ખેલનાર સામે કડક વલણ આપનાવવામાં આવે તેવું તાલુકાની જનતા ઈચ્છી રહી છે.

# પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામોમાં એજન્સી ફરી એકવાર વિવાદમાં

**છભો-દખણેશ્વર રોડના કામમાં હલકું મટીરીયલ્સ વાપર્યાની ફરિયાદ : આર.એન્ડ બી. વિભાગ દ્વારા ૩ નબળાં ગરનાળાં તોડી નાખવા આદેશ**





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ તાલુકાના છભ-દખણેશ્વર રોડના ૧૨ કી.મી. લાંબા માર્ગના નિર્માણ માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૪ ૫.૫૦ કરોડ મંજૂર થયા પછી કામ શરુ થયું પરંતુ હલકી ગુણવત્તાનું કામ થતું હોવાની ફરિયાદ મળતાં આર. એન્ડ બી. પંચાયત વિભાગ દ્વારા સ્થળ તપાસ પછી ૩ નબળાં ગરનાળાં તોડી નાખવાનો આદેશ આપ્યો છે. એજન્સી માલપુર પછી ફરી એકવાર બાયડ તાલુકામાં રોડના કામમાં વિવાદમાં આવતાં હલચલ મચી ગઈ છે. આવી એજન્સીઓ સામે દાખલારુપ કાર્યવાહી કરવી જોઈએ તેવો સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કર્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગુણવત્તા યુક્ત કામ થઈ રહ્યા છે અને દિલ્હીથી આવતી ટીમો દ્વારા દર ૨ થી ૩ મહિને સ્થળ ઉપર તપાસ કરી રિપોર્ટ કરવામાં આવે છે પરંતુ જિલ્લામાં અમદાવાદ સ્થિત એજન્સીએ પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કરેલા રોડના કામોમાં નબળી ગુણવત્તા હોવાની વ્યાપક ફરિયાદો પછી કેટલાંક સ્ટ્રક્ચર તોડવા માટેના આદેશ પણ થયેલા છે. સદર એજન્સીને બાયડ તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ જીભ થી અરજણવાવ, સ્ટેટ હાઈવે થી માધવકંપા, માધવકંપા થી ઉભરાણી માતા મંદિર થી દખણેશ્વર સ્ટેટ હાઈવે સુધીના ૧૨ કી.મી. લાંબા માર્ગ માટે ૪ ૫.૫૦ કરોડનું કામ મંજૂર થયું હતું. કામ શરુ થયું ત્યારથી હલકી ગુણવત્તા અને મનમાનીના આરોપ લાગ્યા હતા. જ્યારે વર્ષો પછી પોતાના વિસ્તારોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રોડ બની રહ્યો છે તેમાં પણ નબળી ગુણવત્તાનું કામ થતું હોવાની ફરિયાદ આર. એન્ડ બી. જિલ્લા પંચાયત વિભાગને મળતાં અધિકારીઓએ સ્થળ તપાસ પછી નબળાં જણાઈ આવેલા ૩ ગરનાળા દૂર કરવાનો આદેશ આપતાં હલચલ મચી ગઈ છે.

### એજન્સીનું કામ નબળું, ૩ ગરનાળાં દૂર કરાશે – અધિક્ષક

અરવલ્લી જિલ્લા પંચાયત આર. એન્ડ બી.ના અધિક્ષક એમ. કે. વસાવાનો સંપર્ક કરતાં જણાવ્યું કે છભી અરજણવાવ રોડ ઉપર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કામગીરી ચાલી રહી છે જેમાં એજન્સીએ ગરનાળાનાં નબળાં કામ કર્યાની રજૂઆત મળ્યા પછી તપાસમાં તથ્ય જણાતાં ૩ ગરનાળાં દૂર કરી નવેસરથી બનાવવા આદેશ આપ્યાનું જણાવ્યું છે.

### નબળા કામની તપાસ કરાવો – ભાજપ અગ્રણી

પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અરજણવાવ-છભી રોડ ઉપર તૈયાર કરેલાં ગરનાળાં અત્યંત હલકી ગુણવત્તાં છે જેથી આવી એજન્સી સામે દાખલારુપ કાર્યવાહી કરવી જોઈએ તેમ બાયડ શહેર ભાજપના આગેવાન હર્ષદભાઈ શંકરભાઈ પટેલે જણાવ્યું છે.

## ગાબટના મહાદેવ તળાવમાં ૪ બાળકો ડૂબ્યા, એકના મોતથી હાહાકાર

**આકરા ઉનાળામાં નાના જળાશય યમદૂત બનવાની શરૂઆત, પંથકમાં શોક છવાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ તાલુકાના ગાબટ ગામમાં સોમવારની સાંજે મહાદેવવાળા તળાવ તરીકે ઓળખાતા મોટા તળાવમાં ૪ બાળકો ડૂબી જતાં હલચલ મચી ગઈ હતી. જે પૈકી ૩ બાળકોને સ્થાનિક લોકોએ બચાવી લીધા હતા પરંતુ ૧૦ વર્ષના વિશાલ રયજીભાઈ રાવળ ડૂબી જતાં વધુ પડતું પાણી પી જવાના કારણે મોત નીપજતાં પંથકમાં શોક છવાયો છે. કાળઝાળ ગરમીમાં તળાવ અને નાના જળાશયોમાં છબછબીયા કરવાની લાલસા રોકી શકતા નથી અને કરૂણ હાદસો સર્જાય એટલે કેટલાંક પરીવારોમાં માતમ છવાઈ જાય છે. ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા રાવળ પરીવારના વ્હાલસોયાનું ડૂબી જવાથી મોત નીપજતાં પંથકમાં શોક છવાયો છે.



જિલ્લામાં કાળઝાળ ગરમીએ પ્રજાને ઘરમાં રહેવા મજબૂર કરી દીધા છે. સતત વધતી ગરમીથી ગરીબ પરીવારના બાળકો સમીસાંજે બહાર નીકળે એટલે પરીવારજનોની નજર ચુકવીને તળાવના પાણીમાં ન્હાવા જાય છે અને કરૂણ ઘટના સર્જાય ત્યારે પરીવારોમાં માતમ છવાઈ જાય છે. તા.૨૮ ના રોજ ગાબટના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા વિશાલ રાવળ તેના મિત્રો સંતોષ રાવળ, સુમીત વાઘેલા અને કાળુ વીજપરા સાથે નજીકમાં આવેલા તળાવમાં સમી સાંજે પહોંચ્યા હતા અને ગરમી વધુ હોવાથી ચારેય બાળમિત્રોએ ન્હાવા માટે તળાવના પાણીમાં ઉતરતાં એક પછી એક ચારેય જણ ડૂબવા લાગતાં બૂમાબૂમ કરી મુકી અને જેથી મદદે આવેલા સ્થાનિકોએ ત્રણ બાળકોને સલામત રીતે બહાર કાઢ્યા પરંતુ વિશાલ રાવળ ઉંડા પાણીમાં ગરક થઈ ગયો હોવાથી તેને બહાર કાઢ્યો પરંતુ વધુ પડતું પાણી પી જવાના કારણે કરૂણ મોત નીપજતાં ઈન્દિરાનગર વસાહતમાં શોકનું મોજું ફરીવળ્યું હતું.

## અરે સાહેબ આળસ ખંખેરો

## નવા વેણપુર નજીક ડુંગરમાં ૪ વાગ્યાની આગ લાગી, વનવિભાગ નિંદ્રાધીન..!!

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં આવેલા ડુંગર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં પર્યાવરણ સાથે માનવ વસાહત માટે ભયજનક બની રહી છે અરવલ્લી વન વિભાગ તંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષો વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં સતત લાગી રહેલી રહસ્યમય આગની ઘટનાઓએ અનેક શંકા કુશંકાઓ સર્જી છે વનવિભાગ તંત્ર આગ લાગે ત્યારે ખાડો ખોદવા બેસે કહેવતને પણ પાણી ભરાવે તેમ લાપરવાહી દાખવી રહ્યું છે શામળાજી નજીક નવા વેણપુર (નવા ગામ) નજીક આવેલ ડુંગર પર સાંજના ૪ વાગ્યાના સુમારે આગ લાગી હોવા છતાં વનવિભાગ તંત્રનો જવાબદાર અધિકારી કે કર્મચારી ન ડોકાતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે જીલ્લા કલેકટર ગાઢ નિંદ્રામાં રહેલા વનવિભાગને ઢંઢોળે તે ખુબ જ જરૂરી હોવાનું પર્યાવરણ પ્રેમીઓ માની રહ્યા છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, શામળાજી નજીક આવેલ નવા વેણપુર ગામ નજીક આવેલ અરવલ્લીની ગિરિમાળાઓમાં સાંજના ૪ વાગ્યાના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતા ધીરેધીરે ડુંગરના જંગલમાં પ્રસરતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ગામલોકોએ વનવિભાગ તંત્રને જાણ કરવા છતાં વનવિભાગ તંત્ર રાત્રે ૯ વાગ્યા સુધી ફરક્યું નથી ડુંગર પર રહેલી વનસંપદા સહીત વન્ય પ્રાણીઓ અને પક્ષીઓને પણ મોટાપાયે નુકશાન થઈ રહ્યું છે.

અરવલ્લી જીલ્લા વનવિભાગ તંત્ર અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં લાગતી રહસ્યમય આગ નું કારણ શોધવામાં તદ્દન વામણું પુરવાર થતા વનવિભાગ તંત્ર નિષ્ફળ તંત્ર બની રહ્યું છે

**પ્રત્યેક જિલ્લામાં મેડીકલ કોલેજ બનાવવાનો સરકારનો ધ્યેય**

## અરવલ્લી જિલ્લો ૭ વર્ષ પછી પણ મેડીકલ કોલેજથી વંચિત

**વાત્રકને નસીબ થયેલી મેડીકલ કોલેજ પણ છીનવાઈ ગઈ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

પરંતુ ૭ વર્ષ પછી અરવલ્લી જિલ્લા મેડીકલ કોલેજથી વંચિત રહ્યાં છે. અઢી વર્ષ અગાઉ વાત્રકમાં મેડીકલ કોલેજ સ્થાપવાનું સ્વત

દ્વારા વાત્રકને સરકારી મેડીકલ કોલેજ મળે તે માટે હકારાત્મક અભિગમ અપનાવવાનાં જોઈએ તેવું જિલ્લાની પ્રજા ઈચ્છી રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાજેતરમાં જ યુક્રેન-રશિયાના યુદ્ધ પછી વિદેશમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેવી યાતનાઓ ભોગવીને વતન પહોંચ્યા તેની હદયદ્રાવક ઘટના લગભગ દરેક તાલુકામાંથી સામે આવી છે. રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકાર પણ દરેક જિલ્લાને સરકારી મેડીકલ કોલેજ નસીબ થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે. જિલ્લામાં સિવિલ હોસ્પિટલનું સ્વમ ટૂંકમાં સાકાર થઈ શકે છે પરંતુ મેડીકલ કોલેજ માટે વાત્રક હોસ્પિટલ સૌથી વધુ સાનુકુળ હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ વાત્રકમાં મેડીકલ હોસ્પિટલ સ્થાપવા માટે મુંબઈના દાતા દ્વારા કરોડો રુપિયાનું દાન આપવાની પણ જાહેરાત કરી હતી પરંતુ જમીન સહિતના કેટલાક મુદે ટેકનિકલ બાબતો ઉભી થતાં સમગ્ર બાબત ઘોંચમાં પડી અને ત્યાર પછી લગભગ મેડીકલ કોલેજ સ્થાપવાનું ભૂલાયું છે. આ સંજોગોમાં વાત્રક હોસ્પિટલ અને બાયડ તાલુકાને છેલ્લા ૨૧ વર્ષથી સરકારી મેડીકલ કોલેજ બાબતે અન્યાય થઈ રહ્યો છે તેને ધ્યાને રાખી રાજ્ય સરકારે વાત્રકમાં સરકારી મેડીકલ કોલેજને ત્વરીત મંજૂરી આપવી જોઈએ તેવો લોકમત પ્રવર્તિ રહ્યો છે. કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ પણ વાટકમાં મેડીકલ કોલેજ સ્થપાય તો દરેક રીતે સરકારને મદદરુપ થવાની અગાઉ બાંહેધરી આપી ચૂક્યું છે. આ સંજોગોમાં વાત્રક હોસ્પિટલમાં પૂરતી સુવિધાઓને ધ્યાને રાખી સરકાર મેડીકલ કોલેજ ફાળવે તે માટે જિલ્લા સહિત તાલુકાના આગેવાનોએ પણ સરકારમાં એક સંપ બની રજૂઆત કરવાનો સમય આવી ગયો છે.

## અધિકારી સહિત ૩ લાંચીયા ઝડપાયા છતાં તંત્ર સુધરતું નથી

**બાયડ તાલુકામાં ગેરકાયદે લીલા વૃક્ષોની હેરાફેરીનું ચાલતું રેકેટ : ઉચ્ચ અધિકારીઓના મૌન સામે સવાલ ઉઠા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ તાલુકામાં સમી સાંજથી વહેલી પરોઢ સુધી ગેરકાયદે લીલાં વૃક્ષોની હેરાફેરીનું રેકેટ ચાલી રહ્યું છે તેમ છતાં ઉચ્ચ અધિકારીઓના દેખીતા મ્ન સામે સવાલ ઉઠડ્યા છે. તાજેતરમાં જ ધનસુરા આર.એફ.ઓ. સહિત ૩ લાંચીયા કર્મચારીઓ એ સી.બી.ની ઝપટે ચઢ્યા છતાં ભ્રષ્ટ તંત્ર સુધરતું ન હોવાના આરોપ લાગ્યા છે.




પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા તેમજ બાયડ તાલુકામાં ગેરકાયદે વૃક્ષછેદનની પ્રવૃત્તિએ માઝા મૂકી છે. વન વિભાગ વિરપ્પનોને છાવરી રહ્યું છે પરંતુ વન વિભાગ સાથે પોલીસ અને મહેસૂલ વિભાગની કામગીરી સામે પણ સીધી આંગળી ચિંધાઈ રહી છે. બાયડ તાલુકામાં દરરોજ રાત્રિના ૮-૦૦ થી સવારના ૪-૦૦ સુધી બાયડ-દહેગામ, બાયડ-ગાબટ-ઉભરાણ, બાયડ-સાઠંબા, બાયડડેમાઈ-કપડવંજ હાઈવે ઉપર લીલાં ગેરકાયદે લાકડાં ભરીને ૨૫ થી વધુ ટ્રેક્ટર દોડી રહ્યાં છે અને આ તમામ ટ્રેક્ટર ફીઝીકલ ફિટનેશ અને નંબર પ્લેટ વગરનાં હોવા છતાં તળીયા થી ટોચ સુધી ભ્રષ્ટાચાર ચાલતો હોવા છતાં આવાં વાહનો ડીટેઈન કરવામાં આવતાં નથી. જ્યારે આશ્ચર્યની વાત તો એ છે કે બાયડ તાલુકામાંથી બદલી થયેલા અને નિવૃત્ત થયેલા ભ્રષ્ટ અધિકારીઓ આવા ગેરકાયદે દોડતાં વાહનોના વહીવટ કરી રહ્યા છે. જિલ્લા કલેક્ટર દ્વારા રાત્રે બાયડના વિવિધ માર્ગોની ચિંતિ તપાસ કરવામાં આવે તો ગેરકાયદે લીલાં લાકડાંની હેરાફેરી કરવાનો મોટો કારોબાર બહાર આવી શકે છે.

## ભિલોડાના ધંબોલીયામાં વીજવાયરથી તબેલામાં આગ ભભૂકી, અબોલા ૫ પશુઓ દાઝી ગયા

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં વીજ તંત્રની લાપરવાહી ખેતરોમાં ઊભા પાકને તો નુકસાન પહોંચાડી રહ્યું છે,સાથે સાથે અબોલા પશુઓનો પણ જીવ જોખમમાં મુકી રહ્યું હોય તેવું સ્પષ્ટ લાગે છે. ભિલોડા તાલુકાના ધંબોલીયામાં વીજ વાયરના તણખા તબેલા પર પડતાં ૫ પશુઓ દાઝી જવાની ઘટના ઘટી છે. સમગ્ર ઘટનાને લઈને તંત્રી દ્વારા પંચનામુ કરવા સહિતની તજવીજ હાથ ધરવામાં આવી છે. ધંબોલીયા ગામે વીજ તંત્રની લાપરવાહી ફરીથી એકવાર સામે આવી છે, જેમાં હવે ઘઉં નહીં પરંતુ અબોલા પશુઓનો જીવ જોખમમાં મુકાયો છે. વીજ વાયરથી તણખલા થતાં તબોલામાં આગ લાગી હતા, આગ લાગવાની ઘટનાથી તબેલામાં બાંધેલા ૫ પશુઓ દાઝી ગયા છે. સમગ્ર ઘટનાને લઈને પશુઓ ગંભીર રીતે દાઝી જતાં સારવાર આપવામાં આવી છે. આ સાથે જ ખેતરમાં પડલ ઘાસ બળીને ખાક થઈ ગયું. વીજ તંત્રની લાપરવાહી થી હરીશચંદ્ર બારડના ખેતરમાં આગની ઘટના ઘટી અને ઘાસચારો નષ્ટ થયો અને પશુઓ દાઝી જતાં લાખોનું નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતાં તલાટીની ટીમ ઘટનાસ્થળે પહોંચી પંચનામુ કર્યું છે. જો કે ખેડૂતને વળતર ક્યારે મળશે તે એક સવાલ છે.



## ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એ પ્રદૂષણ સર્જતાં એકમો સામે નારાજગી દર્શાવી


**કેટલ ફીડ પ્લાન્ટ, માર્બલ્સ, ક્વોરી કાજુ ઇન્ડસ્ટ્રીઝ, પોટેટોઝ એકમ સહિત ૮ને નોટિસ**

પાલનપુર તા. ૨૯

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એ પ્રદૂષણ સર્જતાં એકમો સામે નારાજગી દર્શાવી જુદા જુદા આઠ એકમો સામે કાર્યવાહી હાથ ધરી છે. પાછલા એક મહિનામાં જુદા જુદા દિવસો દરમિયાન આ નોટિસો પાઠવવા ની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં કેટલ ફીડ પ્લાન્ટ, માર્બલ્સ, ક્વોરી, કાજુ ઈન્ડસ્ટ્રીઝ, પોટેટોઝ એકમ સહિત ૮ને નોટિસ પાઠવાઈ છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ની પાલનપુર સ્થિત કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે જુદા જુદા કારણો હેઠળ પાલનપુર અને ગાંધીનગર કચેરી દ્વારા પ્રદૂષણ નિયમોના ભંગ બદલ નોટિસ પાઠવવાની કામગીરી કરવામાં આવતી હોય છે જેમાં ગત ફેબ્રુઆરી માસમાં જુદા જુદા આઠ એકમો સામે કાર્યવાહી કરવામાં આવી છે જેમાં ડીસાના કાતરવા સ્થિત કેટલ ફીડ પ્લાન્ટ, સન ફાઈન કેમ, (લુણવા, તા. પાલનપુર) અરાશુરી માર્બલ્સ એન્ડ મિનરલ્સ, (ઝરીવાવ અંબાજી તા. દાંતા), ધરતી ક્વોરી વર્ક્સ, (ચિકણવાસ, તા.અમીરગઢ), હર્ષ કાજુ ઈન્ડસ્ટ્રીઝ, (સદરપુર, તા. પાલનપુર), મોનાલિસા મિનરલ્સ, (જેતવાસ, તા. દાંતા), શાલિન માર્બલ,( કુંભારીયા, તા. દાંતા) અને સ્ટેગોટ પોટેટોઝ પ્રોડક્ટ, સુંઢા, તા. પાલનપુરનો સમાવેશ થાય છે.

## જન્મદિને વધામણી



રમેશભાઈ છગનભાઈ પટેલ
ચેરમેન, ધી ચોરીવાડ બચત ધિરાણ મંડળી ચોરીવાડ તા.ઇડર



મિલનભાઈ પી.શાહ
નિવૃત અધિકારી, બી.એસ.એન.એલ
બાયડ જીલ્લો અરવલ્લી



પાર્થ પ્રકાશગીરી ગોસ્વામી
ગૃહ સજાવટ શોરૂમ, બાયડ
ઉદેપુર તા ધનસુરા



ઉમેશભાઈ બારોટ
બાયડ જીલ્લો અરવલ્લી



ડૉ. આનલ ઘનશ્યામભાઈ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી



રાકેશભાઈ પરમાર
બાયડ જીલ્લો અરવલ્લી